Permitted to post at Ahd. P.S.O. on Wednesday every week Under Regd No GAMC-1473/2014-2016 issued by SSP, Ahd. Valid upto 31st December-2016

કેન્સર ● કીડની ● કીમોથેરાપી ● ટ્રાન્સપ્લાન્ટ
એચઆઈવી ● ન્યુરો ● લીવર ● ગેસ્ટ્રો ● ગાયનેક-ઈન્ફર્ટિલિટી ●
ઈમરજન્સી ● લાઈફ સેવિંગ ● આઈસીયુ ● રૂમેટોજલોજી ● ઓર્થો ●
બ્લડ પ્રોડક્ટની દવાઓ તથા ઈન્જેક્શન
Wholesale I Retail I Export I Import
(Call & Whatsapp)
9978 661661
www.svhmedint.com
Wholesale Price
100 % Genuine Medicine
We Deal
ONCOLOGY ● CHEMOTHERAPHY
NEPHROLOGY ● TRANSPLANT
VIROLOGY ● HIV ● NEUROLOGY
EMERGENCY ● ICU ● LIFE SAVING
INFERTILITY ● GYNECOLOGY
BLOOD PRODUCTS ● ORTHO
RHEUMATOLOGY ● VACCINES
Economical Rates & Fast Service
2°c to 8°c Cold Chain Maintenance
Costly Medicines & Injectables at LOW COST
Fast Delivery
Pan India Delivery
SVH MEDINT
HEALTHCARE MADE EASY
An ISO 9001 : 2015 Certified Company

દર બુધવારે અમદાવાદથી પ્રસિદ્ધ થતું એક માત્ર નીડર સાપ્તાહિક

॥ શ્રી ગણેશાય નમઃ ॥

# મિર્ચી ન્યૂઝ

MIRCHI NEWS Visit us www.mirchinews.co.in

ભગવતી કોલ ડીપો
જલાઉ કોલસા તથા અર્થીંગ માટે ભૂકી-મીઠુ મળશે
શાકમાર્કેટ કોર્નર, નવા વાડજ, અમદાવાદ-૧૩
ઓગણજ સર્કલ, એસ.પી.રીંગ રોડ, અમદાવાદ
Mo : 98257 52787, 98799 55779

વર્ષ : ૨૨ ● અંક : ૧૮ ● સળંગ અંક : ૧૧૦૬ ● પ્રકાશિત તા-૧૧-૩-૨૦૨૬,બુધવાર ● RNI : GUJGUJ/2004/16263 ● GAMC NO. :1473/2014-16 ● કિંમત ૧/-રૂા. ● કુલ પાના : ૪

તંત્રી : ભાર્ગવ સુંદરમ (મો) : 9924004714 ● કાર્યાલય : ડી-૯/૧૦૦, નંદનવન એપાર્ટમેન્ટ, ભાવસાર હોસ્ટેલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩. ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

### LPG સિલિન્ડરની જમાખોરી રોકવા કેન્દ્ર સરકારે

# દેશમાં ESMA લાગુ કર્યો : સરકારનો મોટો નિર્ણય

નવી દિલ્હી : ઈરાન-ઈઝરાયેલ યુદ્ધના કારણે મિડલ ઈસ્ટમાં ઉભી થયેલી પરિસ્થિતિઓની અસર ભારતમાં તેલ-ગેસની સપ્લાય પર પડી રહી છે. દેશમાં ગેસની ભારે અછત સર્જાઈ હોવાનું મીડિયા રિપોર્ટ્સમાં કહેવામાં આવી રહ્યું છે, જેના કારણે સરકારે કડક નિયમો લાગુ કરી દીધા છે. ઘરગથ્થુ વપરાશના ગેસ સિલિન્ડર તો હજુ મળી રહ્યા છે, પરંતુ કોમર્શિયલ ગેસ સિલિન્ડરની ભારે અછત છે. લોકો ગેસ સિલિન્ડરની જમાખોરી ન કરે અને એલપીજીની એલપીજી સપ્લાયમાં અવરોધ ન આવે તે માટે કેન્દ્ર સરકારે આખા દેશમાં ESMA કાયદો લાગુ કર્યો છે. સરકારે ઘરેલુ રાંધણ ગેસની કોઈ અવરોધ વગર સપ્લાય સુનિશ્ચિત કરવા માટે ESMA કાયદો લાગુ કર્યો છે. ઘરેલુ ગેસ, પેટ્રોલ અને ડીઝલની પુરવઠો લોકોને મળી રહે તે માટે સરકારે સમગ્ર દેશમાં પેટ્રોલિયમ, પેટ્રોલિયમ પ્રોડક્ટ્સ તથા નેચરલ ગેસ માટે Essential Commodities Act લાગુ કર્યો છે. સરકારે રિફાઈનરીઓ અને પેટ્રોકેમિકલ યુનિટ્સને એલપીજીનું ઉત્પાદન વધારવાનો પણ આદેશ આપ્યો છે. આવશ્યક સેવા જાળવણી અધિનિયમ એક કાયદો છે, જે કેટલીક સેવાઓની ડિલિવરી સુનિશ્ચિત કરવા માટે બનાવવામાં આવ્યો છે. આ સેવાઓ લોકોના સામાન્ય જીવન સાથે જોડાયેલી હોય છે અને તેના પર અસર પડવાથી સામાન્ય જનતા પર સીધી અસર પડે છે. તેમાં જાહેર પરિવહન (બસ સેવાઓ), આરોગ્ય સેવાઓ (ડોક્ટર અને હોસ્પિટલ) જેવી સેવાઓનો સમાવેશ થાય છે. પેટ્રોલ અને ગેસનો પુરવઠો કોઈ રોકી શકશે નહીં. સરકાર નક્કી કરશે કે ક્યાં અને કેટલો જથ્થો મોકલવો. દરેક વિસ્તાર અને નાગરિકને સમાન રીતે ઈંધણ મળી રહે તે સુનિશ્ચિત કરવામાં આવશે. જે વેપારીઓ કે એજન્સીઓ નફાખોરી કરવા માટે તેલ કે ગેસનો સ્ટોક કરશે, તેમની સામે ગુનો દાખલ થશે. સરકારે તેલ રિફાઈનરીઓને એલપીજી ઉત્પાદન વધારવાનો આદેશ આપવા માટે 'ESMA' કાયદા હેઠળ ઈમરજન્સી શક્તિઓનો ઉપયોગ કર્યો છે. આનો હેતુ પશ્ચિમ એશિયામાં વધતા સંઘર્ષના કારણે સંભવિત વિક્ષેપોનો સામનો કરવા માટે ઘરેલુ રસોઈ ગેસની ઉપલબ્ધતા વધારવાનો છે. ભારતમાં એલપીજીની વપરાશ વર્ષ ૨૦૨૪-૨૫માં ૩.૧૩ કરોડ ટન હતી, જેમાંથી માત્ર ૧.૨૮ કરોડ ટનનું ઉત્પાદન દેશી સ્તરે થયું હતું, જ્યારે બાકીનું આયાત કરવામાં આવ્યું હતું.

# મોંઘવારીએ માઝા મુકતા સામાન્ય લોકોનું બજેટ ખોરવાયું

અમદાવાદ : છેલ્લા કેટલાક સમયથી શહેરોમાં દૈનિક ઉપયોગીવસ્તુઓના ભાવમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. શાકભાજી, અનાજ, દૂધ,ગેસ અને પેટ્રોલ જેવી જરૂરી વસ્તુઓના ભાવ વધતા સામાન્ય લોકો માટે ઘરખર્ચ ચલાવવું વધૂ મુશ્કેલ બની રહ્યું છે. આવક સ્થિર હોવા છતાં ખર્ચ વધતા ઘણા પરિવારોને પોતાના માસિક બજેટમાં ફેરફાર કરવો પડી રહ્યો છે. નિષ્ણાંતોના જણાવ્યા મુજબ વધતી મોંઘવારીની અસર ખાસ કરીને મધ્યમવર્ગીય અને નીચા આવકવર્ગના લોકો પર વધુ પડે છે. શહેરોમાં ઘરભાડું, વાહનવ્યવહાર અને ખાધ્યપદાર્થોના વધતા ખર્ચ ને કારણે ઘણા પરિવારોને પોતાની જરૂરીયાતો મર્યાદિત કરવી પડે છે. વધતા ખર્ચને કારણે ઘણા લોકો હવે પોતાના દૈનિક જીવનમાં ફેરફાર કરી રહ્યા છે. કેટલાક લોકો અનાવશ્યક ખર્ચ ઘટાડવાનો પ્રયત્ન કરે છે, જ્યારે ઘણા પરિવારો સસ્તા વિકલ્પો પસંદ કરવા લાગ્યા છે. બજારમાં ખરીદી કરતી વખતે પણ લોકો હવે વધુ સાવચેત બની રહ્યા છે. આર્થિક નિષ્ણાંતોના મતે મોંઘવારીને નિયંત્રિત કરવા માટે બજાર વ્યવસ્થામાં સંતુલન રાખવું અને અસરકારક નીતિઓ અમલમાં મૂકવી જરૂરી છે. સાથે સાથે લોકોમાં બચત અને યોગ્ય આર્થિક આયોજન અંગે જાગૃતિ વધારવી પણ મહત્વપૂર્ણ બની રહી છે. આ રીતે જોવામાં આવે તો શહેરોમાં વધતી મોંઘવારી માત્ર આર્થિક મુદ્દો નથી, પરંતુ તે સામાન્ય લોકોના દૈનિક જીવન અને જીવનશૈલી પર સીધી અસર કરતી મહત્વપૂર્ણ સમસ્યા બની રહી છે.

નવા વાડજમાં ભવ્ય શુભારંભ
ચશ્મા કે ગોગલ્સનો આધુનિક શો-રૂમ
Janam OPTICS
Chashme ka adda ®
શુભારંભ નિમિત્તે ખાસ ઓફર
Rs 1199/- માં બે ફ્રેમ બ્લુ કટ ગ્લાસ સાથે...
20 થી 50 % બ્રાન્ડેડ ચશ્મા સાથે ડિસ્કાઉન્ટ
શોપ-૧, આદિત્ય આઈકોન, ત્રીશા હોસ્પીટલની ગલીમાં, મિર્ચી મેદાન, નવા વાડજ, અમદાવાદ-૧૩.
શિવ મહેતા M : 91046 96975

સુરતી ધુપ પુજાપા ભંડાર
લગનનો પુજાપો, છાબ, પીઠી, માણેકસ્તંભ, મોડીયા, લક્ષ્મીપૂજન પુજાપો, તોરણ, સાથીયા, સ્ટીકર
સ્પેશીયલ N.R.I કલેક્શન
દિવાળી સ્પેશીયલ સુગંધીદાર અગરબત્તી, ધુપ મળશે
દરેક ભગવાનની મૂર્તિના નેત્ર લગાવી આપવામાં આવશે
દરેક ભગવાનની મૂર્તિને પેઈન્ટીગ કરી આપવામાં આવશે
● મુગટ ● ગાદી સેટ ● પારણાં ● સિંહાસન ● મોરલી ● કુંડળ
માતાજીનો શણગાર ● ફેન્સી ચુંદડી ● પવિત્રા ● લેટેસ્ટ હાર ● સ્પે. અત્તર
● સુગંધીદાર અગરબત્તી ● ધુપ-યંત્ર તથા દરેક વીધીના પુજાપા મળશે
દરેક જાતના પુજાપા-યંત્ર-ધાર્મિક પુસ્તકો મળશે
લક્ષ્મી વિજય હોટલની બાજુમાં, ડો. કિરીટભાઈ પટેલની સામે, સ્વેની કોમ્પલેક્ષની બાજુમાં,નવા વાડજ, અમદાવાદ
M: 9978274760

Dr. RAVI'S Diabetes & Endocrinology Centre
UNIT OF JIGISHA HOSPITAL
Dr. Ravi Shah
MD (Medicine),DM (Endocrinology),
MRCP UK SCE (Endocrinology)
Consultant Endocrinologist
SUPER SPECIALIST DOCTOR FOR DIABETES, THYROID, AND OBESITY
❖ Type 1 & Type 2 Diabetes In People Of All Ages
❖ Diabetes Complications Management
❖ Type 1 Diabetes, Insulin Pump & Continuous Glucose Monitoring
❖ All Types Of Thyroid Disorders
❖ Diabetes And Thyroid Problems In Children And During Pregnancy
❖ Pcos ( Polycystic Syndrome)
❖ Short Height And Pubertal Disorders In Children
DR.RAVI SHAH
MD (Medicine),DM (Endocrinology),
MRCP UK SCE (Endocrinology)
Consultant Endocrinologist
Morning: 8:30 AM to 9:30 AM
Evening: 4:00 AM to 8:00 PM
Dr. SHIKHA'S Skin Clinic
SKIN · HAIR · LASERS · AESTHETICS
UNIT OF JIGISHA HOSPITAL
Dr. Shikha Shah
MD (Gold Medalist), DNB (Gold Medalist)
MRCP UK SCE (Dermatology)
Consultant Dermatologist
Specialist in Skin and Hair Problems
☑ Skin diseases like eczema, vitiligo psoriasis, fungal infections
☑ Pimples and Acne Treatment
☑ Pigmentation / Dark Spots
☑ Laser Hair Removal
☑ Anti-aging, Peels, Botox, Fillers
☑ Hair Fall Solutions Derma Roller, PRP, GFC Treatments
☑ Pediatric skin diseases
DR.SHIKHA SHAH
MD (Gold Medalist)
DNB (Gold Medalist)
MRCP UK SCE (Dermatology)
Consultant Dermatologist
OPD Timing: Evening 5 PM to 8 PM
For Appointment : 97370 54800
Shivalik Square, 301-C, Nr. Adani CNG Station, Ramapir Thekra, Nava Vadaj, Ahmedabad, Gujarat 380013

જાહેરાત માટે સંપર્ક કરો, મો : ૯૯૨૪૦૦૪૭૧૪

## શહેરમાં મ્યુ કોર્પોરેટરોની પાંચ વર્ષની ટર્મનો સુર્યાસ્ત : વહીવટદાર યુગની શરૂઆત

# પણ જનતા પૂછી રહી છે ‘વિકાસનો હિસાબ ક્યાં?’

### સોશિયલ મીડિયા પર ‘ભાવુક’ વિદાય અને કવિતાઓનો મારો, પરંતુ પાંચ વર્ષ દરમિયાન કરેલી કામગીરીનો ‘રિપોર્ટ કાર્ડ’ કેમ જાહેર નથી કર્યો?

MIRCHI NEWS EXCLUSIVE MIRCHI NEWS

અમદાવાદ: અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ફેબ્રુઆરી ૨૦૨૧માં ચૂંટાયેલી પાંખ અને શાસક પક્ષ ભાજપની પાંચ વર્ષની મુદત ગત ૯ માર્ચ, ૨૦૨૬ના રોજ પૂર્ણ થઈ ગઈ છે. ૯ તારીખથી જ ચૂંટાયેલા પ્રતિનિધિઓની સત્તાનો અંત આવશે અને જ્યાં સુધી નવી ચૂંટણી ન યોજાય ત્યાં સુધી મ્યુનિસિપલ કમિશનર હસ્તક ‘વહીવટદાર શાસન’ અમલી બનશે. જોકે, સત્તા છોડતી વખતે કોર્પોરેટરોમાં સોશિયલ મીડિયા પર લાગણીશીલ પોસ્ટ મૂકવાની હોડ જામી છે, પણ પ્રજાના પાયાના પ્રશ્નો અને કામગીરીના હિસાબ બાબતે મૌન જોવા મળી રહ્યું છે.

છેલ્લા બે-ત્રણ દિવસથી ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને વોટ્સએપ સ્ટેટસ પર કોર્પોરેટરોની પોસ્ટનો પૂર આવ્યો છે. વિદાયની આ વેળાએ કોર્પોરેટરો અલગ-અલગ અંદાજમાં જોવા મળી રહ્યા છે. ફેસબુક વોલ પર અનેક કોર્પોરેટરોએ રસ્તા, પાણી અને લાઈટ જેવી સુવિધાઓમાં સહકાર આપવા બદલ જનતાનો આભાર માન્યો છે. કેટલાક નેતાઓએ તો "જાણે-અજાણે ભૂલ થઈ હોય તો ક્ષમા કરજો" કહીને નમ્રતાનો દેખાવ કર્યો છે. તો રાજકારણની ધમાલ વચ્ચે કેટલાક કોર્પોરેટરો અચાનક કવિ બની ગયા છે. ભાવુક પંક્તિઓ દ્વારા પાંચ વર્ષના સંસ્મરણો વાગોળવામાં આવી રહ્યા છે.તો કેટલાંક કોર્પોરેટરોના સમર્થકો દ્વારા ફરીથી ટિકિટ મળે અને નવી જવાબદારી મળે તેવી પોસ્ટ શેર કરીને શક્તિ પ્રદર્શનના પ્રયાસો પણ થઈ રહ્યા છે.

પરંતુ જનતાનો સવાલ એ છે કે સોશિયલ મિડીયામાં વ્યકત કરવામાં ભાવનાઓ ઠીક, પણ મ્યુ કોર્પોરેટરો દ્વારા છેલ્લાં પાંચ વર્ષ દરમિયાન કરાયેલ વિકાસના કામનો હિસાબ ક્યાં છે?

શહેરીજનોમાં એક સુર સ્પષ્ટ જોવા મળી રહ્યો છે કે કોર્પોરેટરો આભાર માની રહ્યા છે તે સારી વાત છે, પરંતુ તેમણે પાંચ વર્ષ દરમિયાન કરેલી કામગીરીનો ‘રિપોર્ટ કાર્ડ’ કેમ જાહેર નથી કર્યો?

૧. મુખ્ય પ્રોજેક્ટ્સની વિગત: પાંચ વર્ષમાં વોર્ડ દીઠ બજેટનો ક્યાં વપરાશ થયો? કયા મોટા કામો પૂર્ણ થયા?

૨. અધૂરા કામોનું શું?: જે કામો હજુ પેન્ડિંગ છે અથવા અધૂરા છે, તેના માટે આગામી આયોજન શું છે તેનો કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.

૩. સફેદ હાથી સમાન પ્રોજેક્ટ્સ: પ્રજાના ટેક્સના પૈસાથી બનેલા પ્રોજેક્ટ્સનો ખરેખર કેટલો લાભ મળ્યો તે અંગે કોઈ કોર્પોરેટર બોલવા તૈયાર નથી.

જો કે આ તમામ ચર્ચાઓ વચ્ચે નવનિયુકત શહેર ભાજપ પ્રમુખ દ્વારા પ્રથમ વાર દરેક કોર્પોરેટરો પાસેથી પાંચ વર્ષનો હિસાબ માંગ્યો છે, એ આવકારવાલાયક છે, પરંતુ જે પ્રજાએ એટલે કે લોકોએ વોટ કરીને સીધા ચુંટ્યા છે એવા કોર્પોરેટરોએ હિસાબ પણ સીધો પ્રજાને આપવો જોઈએ

તમને જણાવી દઈએ કે ગત ફેબ્રુઆરી ૨૦૨૧માં જ્યારે કોરોના મહામારીનું જોર હતું, ત્યારે ૨૧ ફેબ્રુઆરીએ ૪૮ વોર્ડની ૧૯૨ બેઠકો માટે મતદાન થયું હતું. ૨૩ ફેબ્રુઆરીએ જાહેર થયેલા પરિણામોમાં ભાજપે ૧૬૦ બેઠકો સાથે ભવ્ય વિજય મેળવ્યો હતો, જ્યારે કોંગ્રેસ માત્ર ૨૩ બેઠકો પર સમેટાઈ ગઈ હતી. ત્યારથી અત્યાર સુધીના સફરમાં અનેક વિવાદો અને વિકાસના દાવાઓ વચ્ચે ગત ૯ માર્ચના રોજ આ પાંખની મુદત પૂરી થઈ છે.

હવે અમદાવાદીઓએ પોતાના પ્રશ્નો માટે કોર્પોરેટર પાસે જવાને બદલે સીધા ઝોનલ ઓફિસ કે મ્યુનિસિપલ તંત્રનો સંપર્ક કરવો પડશે.આ ઉપરાંત નીતિવિષયક નિર્ણયો હવે સરકાર અને કમિશનર હસ્તક રહેશે.

# આગામી મ્યુ.ચૂંટણીમાં ભાજપમાં ફરી ‘નો રિપીટ’ થીયરીની શક્યતા..!!

MIRCHI NEWS EXCLUSIVE MIRCHI NEWS

અમદાવાદ : ગુજરાતમાં આગામી સમયમાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે રાજકીય પારો અત્યારથી જ ઉંચકાયો છે. રાજ્ય ચૂંટણી પંચ અને સરકાર દ્વારા વહીવટી તૈયારીઓ તેજ કરી દેવામાં આવી છે ત્યારે સત્તાધારી પક્ષ ભાજપે ઉમેદવારોના પસંદગીના માપદંડોને લઈને અત્યંત મહત્વનો નિર્ણય લીધો છે. ગત મ્યુ ચુંટણીઓ દરમિયાન ભાજપ દ્વારા લાગુ કરાયેલ આ વખતે પણ પોતાની કડક 'નો-રિપીટ' થીયરી ચાલુ રાખશે, જેના કારણે અનેક દિગ્ગજ નેતાઓના પત્તા કપાય તેવી પૂરેપૂરી શક્યતા છે. ભાજપના આંતરિક સૂત્રોના જણાવ્યા અનુસાર, પક્ષે આ વખતે યુવાઓને મેદાનમાં ઉતારવા પર વધુ ભાર મૂક્યો છે. ભાજપે નિર્ણય લીધો છે કે જે નેતાઓ ત્રણ ટર્મથી વધુ સમયથી ચૂંટણી લડ્યા છે અથવા જેઓની વય ૬૦ વર્ષથી વધુ છે, તેમને આ વખતે ટિકિટ આપવામાં આવશે નહીં. આ આકરા નિર્ણયને કારણે વર્ષોથી સત્તામાં રહેલા અનેક 'જૂના જોગીઓ' માં ફફડાટ વ્યાપી ગયો છે. ખાસ કરીને અમદાવાદ મહાનગરપાલિકાની વાત કરીએ તો, હાલમાં એવા ૩૨ જેટલા કોર્પોરેટરો છે જેઓ કાં તો ત્રણ ટર્મ પૂરી કરી ચૂક્યા છે અથવા વયમર્યાદાના કારણે ભાજપના નવા ધારાધોરણોમાં ફિટ બેસતા નથી. પરિણામે, અમદાવાદમાં જ મોટાપાયે નવા ચહેરાઓને તક મળી શકે છે.

બીજી તરફ, મુખ્ય વિરોધ પક્ષ કોંગ્રેસે પણ પોતાની રણનીતિ બદલી છે. કોંગ્રેસ હવે જૂના નેતાઓના સ્થાને પક્ષના કાર્યક્રમોમાં સક્રિય રહેનારા યુવા કાર્યકરો પર મદાર બાંધી રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, બદલાયેલા સમીકરણોમાં કોંગ્રેસ પરિવારવાદને પણ મહત્વ આપી શકે છે અને અમદાવાદના પશ્ચિમ વિસ્તારોમાં ભાજપને ટક્કર આપવા માટે 'આયાતી' (અન્ય વિસ્તારના સક્ષમ) ઉમેદવારોને મેદાનમાં ઉતારવાની તૈયારી કરી રહી છે.આગામી દિવસોમાં જ્યારે સંગઠન દ્વારા ચૂંટણીલક્ષી કામગીરી શરૂ કરવામાં આવશે, ત્યારે ટિકિટ વાંચ્છુઓની દોડધામમાં વધારો થવો નિશ્ચિત છે.




## રાણીપમાં જૂથ અથડામણ

# બલોલનગરમાં પથ્થરમારો અને તોડફોડ

અમદાવાદ : શહેરના રાણીપ વિસ્તારમાં આવેલા બલોલનગરના વિશ્વકર્મા સોસાયટી પાસે લોહીયાળ જંગ ખેલાયો હતો. જૂની અદાવતમાં બે જૂથો આમને-સામને આવી જતાં વાત પથ્થરમારા સુધી પહોંચી હતી. આ હિંસક અથડામણમાં ૪ લોકોને ઈજાઓ પહોંચી છે, જ્યારે સોસાયટી બહાર પાર્ક કરેલાં વાહનોમાં પણ તોડફોડ કરવામાં આવતા વિસ્તારમાં ભયનો માહોલ ફેલાઈ ગયો હતો. ઘટનાની જાણ થતા રાણીપ પોલીસનો મોટો કાફલો જેમાં ચાર થી પાંચ પીસીઆરી વાન ઘટનાસ્થળે પોલીસે ત્વરિત કાર્યવાહી કરી ૫ થી વધુ શખ્સોને દબોચી લીધા છે. સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, બલોલનગરની વિશ્વકર્મા સોસાયટીમાં રહેતા બે પરિવારો કે જૂથો વચ્ચે છેલ્લા ઘણા સમયથી ખટરાગ ચાલતો હતો. પરંતુ કોઈ બાબતે મામલો બિચકતા ગત સોમવારે બંને પક્ષના સભ્યો લાકડીઓ અને પથ્થરો સાથે રસ્તા પર ઉતરી આવ્યા હતા.રાણીપ પોલીસ દ્વારા હાલ સોસાયટીમાં પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.હાલમાં બલોલનગર વિસ્તારમાં શાંતિ છે, પરંતુ પોલીસે અફવાઓથી દૂર રહેવા અને શાંતિ જાળવી રાખવા નાગરિકોને અપીલ કરી છે.



NIRMAN REALTY
WE BUILD TRUST & RELATIONS
Looking to Redevelop Your Building?
Trust the Experts at Nirman Realty!
- Transparent deal
- Expert team
- 10+ years experience in redevelopment
- Associated with well-known & experienced developers
- Good knowledge about legality & land revenue
Other service :
- Land
- Jv Project
- Property
nirmanrealty
Nirman Realty
https://nirmanrealty.in
MEMBERS OF
ARA NAR Registered in : RERA
For any query & inquiry
+91 9601772777

### સોસાયટીઓ માટે રીડેવલપમેન્ટમાં જોડાવવું હોય તો છેલ્લો ચાન્સ...!!

# હાઉસિંગ બોર્ડની અનેક સોસાયટીઓના ટેન્ડર રદ થવાની શક્યતા...!!

## પોલીસી મુજબ, ચોક્કસ નિર્ધારીત સમયમાં ટેન્ડર બાદ એમઓયુ અને ત્રિપક્ષીય કરાર પુરા કરવાના હોય છે, તેમ છતાં રીડેવલપેન્ટની પ્રક્રિયા અટકેલ છે...

MIRCHI NEWS EXCLUSIVE MIRCHI NEWS

### ટેન્ડરની સમયમર્યાદામાં કામગીરી ન કરનાર ડેવલપરો વિરુદ્ધ કાર્યવાહીની શક્યતા

અમદાવાદ : અમદાવાદ શહેરમાં ગુજરાત હાઉસિંગ બોર્ડનાં મકાનોમાં હાલ રાજ્ય સરકારની રિડેવલપમેન્ટ પોલિસી અંતર્ગત કામગીરી ચાલી રહી છે, પરંતુ ૧૫ થી વધુ હાઉસિંગ કોલોનીઓ (સોસાયટીઓ)ના રીડેવલપમેન્ટ માટે બહાર પડાયેલા ટેન્ડરમાં બોર્ડે રીડેવલપમેન્ટ પોલિસીનો કોઈ અમલ કર્યો જ ન હોવાનો અને અનેક સોસાયટીઓમાં રિડેવલપમેન્ટ કામગીરીમાં કોઈપણ મુવમેન્ટ કે હિલચાલ ન હોવા છતાં બિલ્ડરોના લાભાર્થે ટેન્ડરની સમય મર્યાદા પુરી થઈ ગઈ હોવા છતાં ટેન્ડરો ચાલુ રાખતા હોવાની ફરિયાદો બાદ હાઉસિંગ બોર્ડ લાલ આંખ કરે તેવી શક્યતાઓ જોવાઈ રહી છે.

રહીશોની ફરિયાદ મુજબ, ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા રીડેવલપમેન્ટ પોલીસી બિલ્ડરોની મનમાની પ્રમાણે ચાલે છે અને બિલ્ડરો માટે લાલ જાજમ બીછાવવામાં આવે છે. જેમાં ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા તાજેતરમાં બિલ્ડરના લાભાર્થે પ્રોજેક્ટ લોનની મંજુરી આપવામાં આવી છે, છતાં એક વાર ટેન્ડર બાદ ધીમી ગતિની કામગીરીમાં કોન્ટ્રાક્ટરોને કોઈ નોટીસ આપવામાં આવતી નથી.બિલ્ડર દ્વારા સમય મર્યાદામાં કામ નહીં કરતા હોવાને કારણે સોસાયટીના સભ્યો હેરાનગતિ ભોગવી રહ્યા છે.

નવા વાડજમાં વિશ્રામ પાર્ક, હરિઓમ એપાર્ટમેન્ટ, ગગનવિહાર એપાર્ટમેન્ટ, નંદનવન એપાર્ટમેન્ટ, જયારે નારણપુરામાં શ્રધ્ધાદીપ એપાર્ટમેન્ટ, ૮૪-નિધિ એપાર્ટમેન્ટ, નિર્મલ એપાર્ટમેન્ટ, ગણેશ, શ્રીનગર કે શિવાલય એપાર્ટમેન્ટ સહિત અનેક સોસાયટીઓમાં રીડેવલપમેન્ટની કામગીરીમાં કોઈ ડેવલપમેન્ટ નથી,નિયમ મુજબ ચોક્કસ નિયત સમય મર્યાદા હોવા છતા લાંબા સમયથી ટેન્ડર ચાલુ હોવા છતા કોઈ પ્રોગ્રેસ નહિ હોવાથી આગામી સમયમાં હાઉસિંગ બોર્ડ ટેન્ડર કેન્સલ કરે તેવી શક્યતાઓ જોવાઈ રહી છે.

એક ચર્ચા મુજબ, ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા અત્યાર સુધીમાં ૧૩૫થી વધુ કોલોનીઓ (સોસાયટીઓ)ના ટેન્ડરો બહાર પાડયા હોવાનું જાણવા મળ્યું છે. જેમાં હાલ અમદાવાદની ૫૦ થી વધુ સોસાયટીઓમાં રીરડેવલપમેન્ટની પ્રક્રિયા ચાલી છે.૧૫ થી ૨૦ જેટલી સોસાયટીઓમાં રીડેવલપમેન્ટ માટે ટેન્ડરો કેન્સલ થાય એ પહેલા ડેવલપરો સાથે તાજેતરમાં મિટીંગ યોજવામાં આવી હતી.

આ અગાઉ હાઉસિંગ બોર્ડે અનેક સોસાયટીઓમાં સભ્યોની સંમતિ લીધા વિના જ ટેન્ડર બહાર પાડી દીધા હતા.જો કે નિયમ મુજબ ૭૫ ટકા લોકોની સંમતિ હોવી જરૂરી છે તેમ છતાંય હાઉસિંગ બોર્ડે અનેક સોસાયટીઓના સભ્યોની સંમતિ લીધા વિના જ ટેન્ડર બહાર પાડી દીધા હતા.ત્યારે પણ ભારે ઉહાપોંહ મચી ગયો હતો.

## AMA દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે 'અવેર એન્ડ ઈક્વિપ્ડ' વિશેષ કાર્યક્રમનું આયોજન કરાયું

અમદાવાદ : આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીના ભાગરૂપે, અમદાવાદ મેડિકલ એસોસિએશન (AMA) ના મેડિકલ સ્ટુડન્ટ્સ નેટવર્ક (MSN) દ્વારા જરૂરિયાતમંદ વિસ્તારોમાં મહિલા સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ લાવવા માટે "અવેર એન્ડ ઈક્વિપ્ડ" (Aware & Equipped) નામનો વિશેષ કોમ્યુનિટી આઉટરીચ પ્રોગ્રામ યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં અંદાજે ૭૫ જેટલી મહિલાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. મેડિકલ ક્ષેત્રના વિદ્યાર્થી સ્વયંસેવકો દ્વારા મહિલાઓને માસિક ધર્મ દરમિયાન રાખવી પડતી સ્વચ્છતા (Menstrual Hygiene), એચપીવી (HPV) વેક્સિનેશન અને એનીમિયા (લોહીની ઉણપ) નિવારણ જેવા ગંભીર વિષયો પર ઈન્ટરેક્ટિવ સત્રો દ્વારા ઊંડાણપૂર્વક સમજણ આપવામાં આવી હતી. આ ઉપરાંત, શિબિરમાં આવેલી મહિલાઓના પાયાના સ્વાસ્થ્ય પેરામીટર્સની પણ તપાસ કરવામાં આવી હતી.

મહિલાઓમાં સુરક્ષિત સ્વાસ્થ્ય પદ્ધતિઓને પ્રોત્સાહન આપવા માટે ૧૦૦થી વધુ સેનિટરી પેડ્સના પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. જે મહિલાઓમાં લોહીની ઉણપ જણાઈ હતી, તેમને આયર્ન અને ફોલિક એસિડની ટેબ્લેટ્સ આપવામાં આવી હતી અને તેના યોગ્ય ઉપયોગ વિશે જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

આ સમગ્ર અભિયાનનું સંચાલન MSN ના વિદ્યાર્થી નેતાઓ દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં અમદાવાદ અને ગાંધીનગરની વિવિધ મેડિકલ કોલેજોના ૫૪ જેટલા મેડિકલ વિદ્યાર્થીઓએ સ્વયંસેવક તરીકે સેવા આપી હતી.

આ સફળ આયોજન ડૉ. જીજ્ઞેશ શાહ અને ડૉ. મૌલિક શેઠના માર્ગદર્શન હેઠળ તથા અમદાવાદ મેડિકલ એસોસિએશનના હોદ્દેદારોના સહયોગથી પૂર્ણ કરવામાં આવ્યું હતું.

ઉત્તરાયણ નિમિત્તે ઉધીંયુ અને જલેબી મળશે
વિસ્તારમાં એકમાત્ર અધતન શો-રૂમ
૨૦ વર્ષથી જુના અને જાણીતા
અશોક નમકીન ભંડાર
ચીકી, લીલવાની કચોરી, તલના લાડુ અને મમરાના લાડુ
નમકીન ૪૦૦ થી વધારે વેરાઈટીઝમાં તાજુ તેમજ ૧૦૦% શુધ્ધ તથા વ્યાજબી ભાવે મળશે
સ્વાગત એપાર્ટમેન્ટ, ભાવસાર સોસાયટીની બાજુમાં, સ્વસ્તિક સ્કુલ રોડ, નવા વાડજ, અમદાવાદ.મો : ૯૮૨૪૧૪૧૯૧૭

ઓફિસ ગર્લ જોઈએ છે
રાણીપ સ્થિત ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ ઓફિસ માટે
: લાયકાત :
ટેલીકોલીંગ + એડમિન વર્ક
એક્સપિરિયન્સ ધરાવતા ઉમેદવારોને પ્રાથમિકતા
શિક્ષિત મહિલાઓ જ સંપર્ક કરે
કમ્યુનિકેશન સ્કિલ સારી હોવી જોઈએ
સંપર્ક કરો
M : ૯૮૨૪૨૪૭૬૫૮, ૬૩૫૨૯૩૧૯૪૨

Digital India
Power To Empower
ડીજીટલ સેવા એક જ સ્થળે...
શ્રી ચામુંડા ઈ-સુવિધા કેન્દ્ર
CSC
e-Governance Services India Limited
ડ્રાઈવીંગ લાયસન્સ
ઝેરોક્ષ-કલર ઝેરોક્ષ
સ્માર્ટ કાર્ડ
GST રજીસ્ટ્રેશન
આધાર કાર્ડ
પાન કાર્ડ
જીવન પ્રમાણપત્ર
ટુ વ્હીલર ઈન્શ્યુરન્સ
ઉદ્યોગ આધાર રજીસ્ટ્રેશન
પાસપોર્ટ
લેમીનેશન
ફોર વ્હીલર ઈન્શ્યુરન્સ
રેલ્વે/બસ/એર ટીકીટ બુકિંગ
ચુંટણીકાર્ડ
ઈ પ્રિન્ટ
લાઈફ ઈન્શ્યુરન્સ
આયુષ્માન કાર્ડ
બેન્કીગ સર્વિસ
ચામુંડા શોપીંગ સેન્ટર, દેવપથ ફ્લેટની સામે, નવા વાડજ, અમદાવાદ.
email : esuvidhakendra17@gmail.com
M : 79903 53430

# અમદાવાદમાં બનશે અત્યાધુનિક 'સ્પોર્ટ્સ એન્કલેવ અને ગેમ્સ વિલેજ'

## નરેન્દ્ર મોદી સ્ટેડિયમની આસપાસ ૩૩૫ એકરમાં ફેલાયેલું 'SVP સ્પોર્ટ્સ એક્ક્લેવ' આ મિશનનું કેન્દ્રબિંદુ બનશે. આ એન્કલેવમાં ૧૨૦૦૦ની ક્ષમતા ધરાવતું ઓલિમ્પિક સ્ટાન્ડર્ડ એક્વેટિક સેન્ટર, ૨૪૦૦૦ની ક્ષમતાનું ટેનિસ સેન્ટર અને ૧૮૦૦૦ની બેઠક ક્ષમતા ધરાવતું અત્યાધુનિક ઈન્ડોર એરેના તૈયાર કરવામાં આવશે

ગાંધીનગર : ગુજરાત વિધાનસભા ખાતે રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગની બજેટ માંગણીઓ પરની ચર્ચામાં સહભાગી થતા પ્રધાન જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે, ગુજરાતને 'સ્પોર્ટ્સ હબ' બનાવવાના સંકલ્પ સાથે રમતગમત વિભાગ માટે રાજ્ય સરકારે આ વર્ષે રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે રૂ. ૨૦૦૬ કરોડની જોગવાઈ કરી છે, જે અગાઉના વર્ષોની સરખામણીએ અનેકગણી છે.

મંત્રી વાઘાણીએ જણાવ્યું હતું કે આ બજેટમાં માત્ર રમતગમત ક્ષેત્ર માટે રૂ. ૧૩૩૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. વૈવૈશ્વિક ફલક પર ગુજરાતને રમતગમત ક્ષેત્રે અગ્રેસર કરવા માટે અનેક મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ્સનું આયોજન કરવામાં આવ્યું છે. નરેન્દ્ર મોદી સ્ટેડિયમની આસપાસ ૩૩૫ એકરમાં ફેલાયેલું 'SVP સ્પોર્ટ્સ એક્ક્લેવ' આ મિશનનું કેન્દ્રબિંદુ બનશે. આ એક્ક્લેવમાં ૧૨૦૦૦ની ક્ષમતા ધરાવતું ઓલિમ્પિક સ્ટાન્ડર્ડ એક્વેટિક સેન્ટર, ૨૪૦૦૦ની ક્ષમતાનું ટેનિસ સેન્ટર અને ૧૮૦૦૦ની બેઠક ક્ષમતા ધરાવતું અત્યાધુનિક ઈન્ડોર એરેના તૈયાર કરવામાં આવશે.



રાજ્યના અન્ય મહત્વના સ્પોર્ટ્સ પ્રોજેક્ટ્સની વિગતો આપતા પ્રધાને જણાવ્યું હતું કે, કરાઈ ખાતેની ગુજરાત પોલીસ એકેડેમીમાં ૧૪૩ એકર વિસ્તારમાં ૫૦૦૦૦ ની ક્ષમતાવાળું નવું એથ્લેટિક્સ સ્ટેડિયમ અને આધુનિક શૂટિંગ રેન્જનું નિર્માણ થઈ રહ્યું છે. ખેલાડીઓની સુવિધા માટે અમદાવાદના ભાટ ખાતે ૧૩૫ એકરમાં ૧૭૫૦૦ ખેલાડીઓ રહી શકે તેવું આધુનિક 'ઓલિમ્પિક ગેમ્સ વિલેજ' બનાવવામાં આવશે.

રાજ્યમાં સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિશે માહિતી આપતા કહ્યું હતું કે રાજ્યના વિવિધ જિલ્લાઓમાં નવા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ માટે રૂ. ૧૬૫ કરોડ અને કરાઈ ખાતે ઓલિમ્પિક કક્ષાની સુવિધાઓ માટે રૂ. ૧૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ગુજરાતમાં હોકીની રમતને વધુ વેગ આપવા માટે રૂ.૯૦ કરોડના ખર્ચે વૈશ્વિક કક્ષાનું હોકી સ્ટેડિયમ બનાવવાનો મહત્વનો નિર્ણય પણ લેવામાં આવ્યો છે.

વર્ષ ૨૦૧૦ માં પ્રારંભ થયેલા 'ખેલ મહાકુંભ'માં રમતવીરોની સંખ્યા ૧૬.૫૦ લાખથી વધીને આજે વર્ષ ૨૦૨૫-૨૬ માં ૭૨ લાખ સુધી પહોંચી છે. ઈન સ્કુલ યોજના હેઠળ રાજ્યની ૨૩૦ શાળાઓમાં ૧.૨૯ લાખથી વધુ બાળકોને તાલીમ મળી રહી છે. જિલ્લા કક્ષાની સ્પોર્ટ્સ સ્કૂલ (DLSS) પાછળ વાર્ષિક રૂ. ૯૫ કરોડનો ખર્ચ કરી ૫૩૦૦ થી વધુ બાળકોને તાલીમ આપી આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓ માટે તૈયાર કરવામાં આવી રહ્યા છે, જેના પરિણામે આ ખેલાડીઓએ રાષ્ટ્રીય કક્ષાએ ૧૭૦ અને રાજય કક્ષાએ ૧૯૩૮ મેડલ જીત્યા છે.

આ ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા (SGFI) દ્વારા યોજાતી રાષ્ટ્રીય સ્પર્ધાઓમાં આજે ગુજરાતનો ડંકો વાગી રહ્યો છે. વર્ષ ૨૦૨૪-૨૫ ની ૬૮મી નેશનલ સ્કૂલ ગેમ્સમાં ગુજરાતના રમતવીરોએ ૩૨ ગોલ્ડ, ૩૧ સિલ્વર અને ૫૪ બ્રોન્ઝ સાથે કુલ ૧૧૭ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો છે.

સરકારે ગ્રંથાલયોના આધુનિકીકરણ માટે રૂ. ૧૮૭ કરોડની જોગવાઈ કરાઈ છે. જેમાં આદિવાસી વિસ્તારોમાં ૧૨ નવી લાઈબ્રેરી અને ૧૬ સોલાર પાવર આધારિત લાઈબ્રેરીનું નિર્માણ કરવામાં આવશે. સાહિત્યકારો માટે 'સાહિત્ય ગૌરવ પુરસ્કાર'ની રકમ રૂ. ૧ લાખથી વધારીને રૂ. ૨ લાખ અને 'યુવા ગૌરવ પુરસ્કાર'ની રકમ રૂ. ૫૧ હજારથી વધારીને રૂ. ૧ લાખ કરાઈ છે.

# સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે કૉંગ્રેસની હાઈટેક તૈયારી, ૫૦% બેઠકો પર નવા ચહેરાને તક આપશે

અમદાવાદ : ગુજરાતમાં રાજકીય પક્ષો સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની તૈયારીમાં પડ્યા છે. કૉંગ્રેસ પણ ફરી મેદાને ઉતરવાની તૈયારી કરી રહ્યું છે ત્યારે આ વખતે પક્ષે ટેકનોલોજીનો ઉપયોગ કરવાની તેમ જ નવા ચહેરાઓને તક આપવાની જાહેરાત કરી હતી.

સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં કોંગ્રેસ માટે ઉમેદવારોની પસંદગીનો હેતુ શિક્ષિત, સક્ષમ અને પ્રજાની વચ્ચે રહીને પ્રમાણિકતાથી કામ કરનારા લોકોને રાજકારણમાં લાવવાનો છે. ખાસ કરીને મહિલાઓ, SC, ST અને OBC વર્ગના સક્ષમ ઉમેદવારોને અગ્રતા આપવામાં આવશે. પોતાના વિસ્તારના પ્રશ્નોને મજબૂતીથી રજૂ કરી શકે તેવા ઉમેદવારોની પસંદગી આ રણનીતિનો મુખ્ય હેતુ છે.


આગામી સમયમાં ગુજરાતમાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે કોંગ્રેસ પક્ષે ૫૦ ટકા બેઠકો પર યુવા અને નવા ચહેરાને તક આપવાનો વ્યૂહ ઘડી કાઢ્યો છે. ગુજરાતની ૧૫ મહાનગરપાલિકા, ૩૪ જિલ્લા પંચાયત, ૨૬૨ તાલુકા પંચાયત અને ૮૩ નગરપાલિકાઓની લગભગ ૧૦,૦૦૦ જેટલી બેઠકો પર આ ચૂંટણીઓ યોજાવાની છે.

કોંગ્રેસે આ માટે સંગઠન સ્તરે તૈયારી પૂર્ણ કરી છે અને ૧૧ માર્ચથી ૨૦ માર્ચ સુધી આખા ગુજરાતમાં સંભવિત ઉમેદવારોને રૂબરૂ સાંભળવાની અને પેનલ બનાવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ વખતે ઉમેદવાર પસંદગીની પ્રક્રિયામાં પ્રદેશ સમિતિનો સીધો હસ્તક્ષેપ નહીં રહે અને સ્થાનિક કક્ષાની સમિતિઓ જ ઉમેદવારોના નામ નક્કી કરશે.

કોંગ્રેસે ૧૫ મહાનગરપાલિકાઓ માટે એક ઓનલાઈન પ્લેટફોર્મ અને ઊઇ કોડ પણ જાહેર કર્યો છે. જે કોઈપણ શિક્ષિત કે સેવાભાવી વ્યક્તિ જાહેર જીવનમાં આવીને કામ કરવા માંગતી હોય, તે આ ઊઇ કોડ સ્કેન કરીને પોતાની ઉમેદવારી નોંધાવી શકશે. આ પ્રક્રિયાથી કોંગ્રેસ એવા લોકોને પ્લેટફોર્મ પૂરું પાડવા માંગે છે જેઓ ભ્રષ્ટાચાર સામે લડવા અને પ્રજાલક્ષી વહીવટ આપવા માટે કટિબદ્ધ હોય. ટૅક્નોલૉજીનો ઉપયોગ કરીને કોંગ્રેસ બધું જ પારદર્શક રાખવા માગે છે.









Printed, Published and Owned by BHARGAV G. SUNDARAM and Printed at Shree Ganesh Offset, A/6, Shubh Labh Industrial Estate, Opp. Ambica Ice Factory, Tavdipura, Ahmedabad-380 004 and Published from D-25/289, Nandanvan Appartment, Bhavsar Hostel, Nava Vadaj, AHMEDABAD - 380013. Editor - BHARGAV G. SUNDARAM.